# GUJARATI
## PAPER-II
## OCT-14/06

Name & Signature of the Invigilator

.............................................

.............................................

ICR Answer Sheet No. :

Roll No. :

Roll Number in words : .........................................

.................................................................................

**Time : 1.15 Hours]** **No. of Printed Pages : 16** **[Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાયપછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **A** ખોટી રીત : **A** અથવા **A**

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર–૨ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકાશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલ્કયુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

GUJARATI | ગુજરાતી

PAPER - II | પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice/Assertion + questions/ Matching questions. Each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. બધા પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. 'વસ્તુગત–સહસંબંધક' ની વિભાવના આપનાર વિવેચક કોણ હતા ?

   (A) પ્લેટો (B) એલિયટ

   (C) લેસિંગ (D) લેન્ગર

2. 'સમસંવેદન' સંજ્ઞા આપનાર વિવેચકનું નામ જણાવો :

   (A) સુરેશ જોષી (B) ઉમાશંકર જોશી

   (C) વિનોદ જોશી (D) વિદ્યુત જોશી

3. 'માનવધર્મસભા' ના સ્થાપક કોણ હતા ?

   (A) દલપતરામ (B) નર્મદ

   (C) દુર્ગારામ (D) દાદોબા

4. ગઝલોમાં 'બારમાસી ગઝલ' નો પ્રયોગ કોણે કર્યો ?

   (A) ચિનુ મોદી (B) શ્યામ સાધુ

   (C) મનોજ ખંડેરિયા (D) રાજેન્દ્ર શુક્લ

5. કાન્તના 'વસંત વિજય' નો સંસ્કૃત સમશ્લોકી અનુવાદ કોણે કર્યો છે ?

   (A) મનસુખલાલ ઝવેરી (B) ઉમાશંકર જોશી

   (C) ગૌરીપ્રસાદ ઝાલા (D) સુંદરજી બેટાઈ

6. 'રણમલ્લછંદ' – કૃતિના રચયિતા કોણ છે ?

   (A) કવિ ભીમ (B) સમયસુન્દર

   (C) અસાઈત ઠાકર (D) શ્રીધર વ્યાસ

7. ગુજરાતી ભાષાના બે અર્ધસ્વર કયા છે તે દર્શાવો.

(A) ઉ એ (B) ન મ

(C) ય ર (D) ય વ

8. વ્યંજનાના મુખ્ય બે પ્રકારો કયા છે ?

(A) શાબ્દી અને આર્થી (B) આલંકારિક અને આર્થી

(C) વ્યાપ્તિ અને સાધ્ય (D) પરિહત્તિ અને આર્થી

9. ગુજરાતી પત્રકારત્વનો આરંભ કયા પત્ર દ્વારા થયો ?

(A) મુંબઈ સમાચાર (B) જામે જમશેદ

(C) મુંબઈ ચાબુક (D) શ્રી મુંબઈ સમાચાર

10. 'વણઝારી વાવ' અને વિમળશા' ની પેટાવાર્તા નીચેનામાંથી કઈ નવલિકામાં જોવા મળે છે ?

(A) મુકુન્દરાય (B) બુદ્ધિવિજય

(C) સૌભાગ્યવતી (D) બે ભાઈઓ

11. યોગ્ય કાલાનુક્રમ પસંદ કરો :

(૧) ખંડકાવ્ય

(૨) આખ્યાન

(૩) પદ

(૪) હાઈકુ

(A) ૩–૧–૪–૨ (B) ૩–૪–૨–૧

(C) ૩–૪–૧–૨ (D) ૩–૨–૧–૪

12. યોગ્ય કાલાનુક્રમ પસંદ કરો :

(૧) પ્રવીણ દરજી

(૨) દિગીશ મહેતા

(૩) કાકાસાહેબ કાલેલકર

(૪) નર્મદ

(A) ૪–૩–૨–૧ (B) ૪–૧–૨–૩

(C) ૪–૨–૩–૧ (D) ૪–૧–૩–૨

13. યોગ્ય કાલાનુક્રમ પસંદ કરો :

(૧) નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો

(૨) શ્યામ રંગ સમીપે ન જાવું મારે

(૩) અભિનવો આનંદ આજ અગોચર ગોચર હવું

(૪) દેવ ડગલાં ભરે, પ્રભુ પગલાં ભરે

(A) ૧–૨–૩–૪ (B) ૧–૩–૨–૪

(C) ૧–૪–૩–૨ (D) ૧–૪–૨–૩

14. યોગ્ય કાલાનુક્રમ પસંદ કરો :

(૧) સાત પગલાં આકાશમાં

(૨) ભણકાર

(૩) ચંદ્રહાસ આખ્યાન

(૪) જય સોમનાથ

(A) ૧–૩–૪–૨ (B) ૩–૨–૪–૧

(C) ૨–૩–૧–૪ (D) ૪–૩–૨–૧

15. યોગ્ય કાલાનુક્રમ પસંદ કરો :

(A) નાટયશાસ્ત્ર, ધ્વન્યાલોક, કાવ્યાલંકાર, કાવ્યાલંકારવૃત્તિઃ

(B) નાટયશાસ્ત્ર, કાવ્યાલંકાર, કાવ્યાલંકારસૂત્રવૃત્તિઃ, ધ્વન્યાલોક

(C) નાટયશાસ્ત્ર, કાવ્યાલંકારસૂત્રવૃત્તિઃ કાવ્યાલંકાર, ધ્વન્યાલોક

(D) નાટયશાસ્ત્ર, ધ્વન્યાલોક, કાવ્યાલંકારસૂત્રવૃત્તિઃ, કાવ્યાલંકાર

16. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) વોલ્ટર પેટર, ક્રોચે, રિચર્ડ્ઝ, એલિયટ

(B) વોલ્ટર પેટર, શંકુક, રિચર્ડ્ઝ, નર્મદ

(C) વોલ્ટર પેટર, આર્નલ્ડ, લોલ્લટ, વિશ્વનાથ

(D) વોલ્ટર પેટર, જગન્નાથ, ક્રોચે, નવલરામ

17. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) સુરેશ જોષી : આધુનિક યુગના સર્જક, કૃતિ, ગૃહપ્રવેશ

(B) સુરેશ જોષી : છિન્નપત્ર, અપિચ, સમીપે

(C) સુરેશ જોષી : આધુનિક વિવેચક, જનાન્તિકે, બીજી થોડીક

(D) સુરેશ જોષી : જ્ઞાનપીઠ એવોર્ડ, મરણોત્તર, કથોપકથન

18. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) ખ : કંઠય, મહાપ્રાણ, ઘોષ

(B) પ : ઓષ્ઠય, અલ્પપ્રાણ, અઘોષ

(C) ટ : મૂર્ધન્ય, મહાપ્રાણ, ઘોષ

(D) સ : દંત્ય, ઘોષ, સંઘર્ષી

19. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) અમૃતા, લાગણી, લાવણ્ય, દરિયા

(B) કાફલો, પ્રિયજન, વિસામા વિનાની વાટ, હોલારવ

(C) વ્યથાનાં વીતક, આંગળિયાત, મારી ભિલ્લુ, દરિયા

(D) ઝંઝા, વૃત્તિ અને વાર્તા, અંગત, પૃથ્વી

20. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) મદનમોહના, ચન્દ્રચન્દ્રાવતીની વાર્તા, કામાવતીની વાર્તા, પદ્માવતીની વાર્તા

(B) મદનમોહના, નળ દમયંતીની વાર્તા, રસમંજરી, પંચદંડ

(C) મદનમોહના, હસાવલી વિક્રમ ચરિત્ર, રૂપાવતીની વાર્તા, સિંહાસન બત્રીસી

(D) મદનમોહના, નંદબત્રીસી, રૂપાવતીની વાર્તા, બરાસ કસ્તૂરી

21. નીચેનામાંથી વિસંગત જૂથ પસંદ કરો :

(A) યાત્રા, કુસુમમાળા, છંદોલય, પુનરપિ

(B) સાસુવહુની લડાઈ, ભદ્રંભદ્ર, કરણઘેલો, પાટણની પ્રભુતા

(C) અધુના, અનુભાવન, આધુનિક કવિતા, શબ્દલોક

(D) અમૃતદીક્ષા, સાર્ત્રનું તત્વજ્ઞાન, મધ્વરણ્ય, જીવનનું પરોઢ

22. નીચેનામાંથી વિસંગત જૂથ પસંદ કરો :

(A) ઉદાત્તતા, કલ્પના, તરંગ, કળામાધ્યમ

(B) ટ્રેજેડી, કેથાર્સિસ, રહસ્ય, રમણીયતા

(C) ટ્રેજેડી, નિર્વૈયકિતકતા, અંતઃસ્ફુરણા, કળા પ્રતીક

(D) ટ્રેજેડી, એમ્પથી, રૂપરચના, વિઘટન

23. નીચેનામાંથી વિસંગત જૂથ પસંદ કરો :

(A) જયંત પાઠક : સંકેત, વિસ્મય, મૃગયા

(B) રાજેન્દ્ર શાહ : દ્વા સુપર્ણા, નીલાંજના, વિરહમાધુરી

(C) ઉશનસ્ : પ્રસૂન, અશ્વત્થ, અંતરીક્ષ

(D) પ્રિયકાન્ત મણિયાર : પ્રતીક, સ્પર્શ, વ્યોમલિપિ

24. નીચેનામાંથી વિસંગત જૂથને પસંદ કરો :

(A) હીરાકણી અને બીજી વાતો, પિયાસી, ઉન્નયન, તારિણી

(B) ફોરાં, વહેતાં ઝરણાં, શ્રાવણી મેળો, પિયાસી

(C) ગૃહપ્રવેશ, બીજી થોડીક, અપિચ, એકદા નૈમિષારણ્યે

(D) ઉત્તરા, કથરોટમાં ગંગા, જૂજવાં, મૂકમ્ કરોતિ

25. નીચેનામાંથી વિસંગત જૂથને પસંદ કરો :

(A) ગુજરાતીની પ્રથમ ભૂમિકા, નરસિંહ, સંયુક્ત વ્યંજનનું સરલીકરણ, સ્થૂલિભદ્ર ફાગુ

(B) ગુજરાતીની દ્વિતીય ભૂમિકા, ભાલણ, સંયુક્ત વ્યંજનનો વિશ્લેષ, અખેગીતા

(C) ગુજરાતીની તૃતીય ભૂમિકા, પ્રેમાનંદ, બહુવચનનો 'ઓ' પ્રત્યય, નર્મદગદ્ય

(D) ગુજરાતીની દ્વિતીય ભૂમિકા, નરસિંહ, સંયુક્ત વ્યંજનનો વિશ્લેષ, અખાના છપ્પા

26. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) સર્જનની પ્રક્રિયામાં અનુભૂતિ, અભિવ્યકિત અને અનુભાવન અનિવાર્ય છે.

(R) 'સર્જનમાં બાહ્યઅભિવ્યકિત અનિવાર્ય નથી' : ક્રોચે.

(A) વિધાન (A) અને (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(C) વિધાન (R) ખોટું અને વિધાન (A) સાચું છે.

(D) વિધાન (A) અને (R) બન્ને ખોટાં છે.

27. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) 'રમણીય અર્થનો પ્રતિપાદક શબ્દ કાવ્ય છે' – જગન્નાથ

(R) દરેક રમણીય શબ્દ કાવ્ય બને છે.

(A) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

28. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) ઐતિહાસિક નવલકથાઓ ઇતિહાસ સુસંગત હોય છે.

(R) મુનશીની ઐતિહાસિક નવલકથાઓ ઇતિહાસ સુસંગત નથી.

(A) વિધાન (A) ખોટું છે અને વિધાન (R) સાચું છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(C) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(D) વિધાન (A) સાચું છે વિધાન (R) ખોટું છે.

29. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) પત્રકારત્વમાં સમસામયિકતાનો મહિમા થાય છે.

(R) સાહિત્યમાં સનાતનતાનો મહિમા છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(B) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(C) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

(D) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

30. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) 'બસ મોડી આવી માટે પરીક્ષા આપી શકયો નહીં' વિધાનમાં 'માટે' સંયોજક છે.

(R) 'માટે' શબ્દ સંયોજક અને નામયોગીનું કાર્ય કરે છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું છે અને વિધાન (R) ખોટાં છે.

(D) વિધાન (A) ખોટું છે અને વિધાન (R) સાચું છે.

31. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'પદ્યનાટક' સંજ્ઞા નાટયાત્મક કવિતાની પર્યાયવાચી સંજ્ઞા છે.

(બ) 'પદ્યનાટક' એટલે 'નાટયોર્મિકાવ્ય'.

(A) (અ) અને (બ) બન્ને વિધાનો સાચાં છે.

(B) (અ) અને (બ) બન્ને વિધાનો ખોટાં છે.

(C) (અ) વિધાન સાચું અને (બ) વિધાન ખોટું છે.

(D) (અ) વિધાન ખોટું અને (બ) વિધાન સાચું છે.

32. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) ગઝલના છંદશાસ્ત્રને 'ઈલ્મ–એ–અરુઝ' કહેવાય.

(બ) ગઝલના છંદને 'બહેર' કહેવાય.

(A) (અ) અને (બ) બન્ને વિધાનો ખોટાં છે.

(B) (અ) અને (બ) બન્ને વિધાનો સાચાં છે.

(C) (અ) વિધાન સાચું છે, (બ) વિધાન ખોટું છે.

(D) (અ) વિધાન ખોટું છે અને (બ) વિધાન સાચું છે.

33. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'સ્થૂલિભદ્ર ફાગુ' માં વસંત ઋતુનું આલેખન છે.

(બ) 'ફાગુ' સ્વરૂપમાં મુખ્યત્વે વસંતઋતુનું આલેખન હોય છે.

(A) (અ) અને (બ) બન્ને વિધાનો સાચાં છે.

(B) (અ) અને (બ) બન્ને ખોટાં વિધાનો છે.

(C) (અ) વિધાન સાચું છે, (બ) વિધાન ખોટું છે.

(D) (અ) વિધાન ખોટું છે, (બ) વિધાન સાચું છે.

34. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'માણસ' અવિકારી સંજ્ઞા છે.

(બ) 'માણસ' સંજ્ઞાને લિંગ-વચનના પ્રત્યયો લગાડી શકાય નહિ.

(A) (અ) અને (બ) બન્ને વિધાનો સાચાં છે.

(B) (અ) અને (બ) બન્ને વિધાનો ખોટાં છે.

(C) (અ) વિધાન સાચું છે, (બ) વિધાન ખોટું છે.

(D) (અ) વિધાન ખોટું છે, (બ) વિધાન સાચું છે.

35. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'ઝાડ પરથી ફળ પડયું' વિધાનમાં 'પડયું' ભૂતકૃદંત ક્રિયાપદનો અર્થ આપે છે.

(બ) <u>પડેલું</u> ખાશો નહિ – વિધાનમાં 'પડેલું' ભૂતકૃદંત સંજ્ઞાનો અર્થ આપે છે.

(A) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(B) વિધાન (બ) ખોટું અને વિધાન (અ) સાચું છે.

(C) બન્ને વિધાનો સાચાં છે.

(D) બન્ને વિધાનો ખોટાં છે.

36. નીચેની યાદી સરખાવી યોગ્ય યુગ્મો રચો :

| I | II |
|---|---|
| (a) કોકિલા | (૧) પન્નાલાલ |
| (b) દીપનિર્વાણ | (૨) ચુનીલાલ મડિયા |
| (c) કુમકુમ અને આશકા | (૩) ર. વ. દેસાઈ |
| (d) મીણ, માટીના માનવી | (૪) દર્શક |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૪ | ૨ | ૧ |
| (B) | ૩ | ૨ | ૪ | ૧ |
| (C) | ૩ | ૨ | ૧ | ૪ |
| (D) | ૪ | ૩ | ૧ | ૨ |

37. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) જગન્નાથ | (૧) વક્રોક્તિ |
| (b) કુન્તક | (૨) રીતિ |
| (c) વામન | (૩) રમણીયતા |
| (d) આનંદવર્ધન | (૪) ધ્વનિ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૪ | ૧ | ૨ |
| (B) | ૩ | ૧ | ૨ | ૪ |
| (C) | ૩ | ૨ | ૧ | ૪ |
| (D) | ૩ | ૪ | ૨ | ૧ |

38. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) પ્લેટો | (૧) ઓન પોએટ્રી એન્ડ પોએટસ |
| (b) એરિસ્ટોટલ | (૨) ધ રિપબ્લિક |
| (c) લોન્જાઈનસ | (૩) પોએટિક્સ |
| (d) એલિયટ | (૪) ઓન ધ સબ્લાઈમ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૪ | ૧ | ૩ |
| (B) | ૨ | ૩ | ૪ | ૧ |
| (C) | ૨ | ૧ | ૩ | ૪ |
| (D) | ૪ | ૩ | ૧ | ૨ |

39. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) સાહિત્યવિમર્શ | (૧) બળવંતરાય ઠાકોર |
| (*b*) વિવેચનપોથી | (૨) સુરેશ જોષી |
| (*c*) કવિતાશિક્ષણ | (૩) રામનારાયણ પાઠક |
| (*d*) ચિન્તયામિ મનસા | (૪) શિરીષ પંચાલ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૧ | ૪ | ૨ | ૩ |
| (B) | ૩ | ૪ | ૧ | ૨ |
| (C) | ૪ | ૨ | ૩ | ૧ |
| (D) | ૩ | ૪ | ૨ | ૧ |

40. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) 'હ' શ્રુતિનો લોપ | (૧) પ્રકંપી |
| (*b*) સ, શ, ષ | (૨) ક, ખ, ટ, ઠ |
| (*c*) અઘોષ ધ્વનિ | (૩) ઉષ્મવ્યંજન |
| (*d*) ર | (૪) સોરઠી બોલી |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૩ | ૨ | ૧ |
| (B) | ૩ | ૨ | ૧ | ૪ |
| (C) | ૨ | ૪ | ૩ | ૧ |
| (D) | ૩ | ૪ | ૧ | ૨ |

41. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) હરિવલ્લભ ભાયાણી | (૧) ગુજરાતી પારંપારિક વ્યાકરણ |
| (*b*) યોગેન્દ્ર વ્યાસ | (૨) ગુજરાતી ભાષાના અંગસાધક પ્રત્યયો |
| (*c*) ઊર્મિ દેસાઈ | (૩) બોલીવિજ્ઞાન અને ગુજરાતની બોલીઓ |
| (*d*) કે. કા. શાસ્ત્રી | (૪) ગુજરાતી સમાસ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૨ | ૧ | ૩ |
| (B) | ૨ | ૧ | ૩ | ૪ |
| (C) | ૪ | ૩ | ૨ | ૧ |
| (D) | ૩ | ૨ | ૪ | ૧ |

42. નીચેની યાદી સરખાવી જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) જીવન પંથ | | (૧) રાવજીભાઈ પટેલ |
| (*b*) જીવનલીલા | | (૨) ધૂમકેતુ |
| (*c*) જીવન શોધન | | (૩) કાકાસાહેબ |
| (*d*) જીવનનાં ઝરણાં | | (૪) મશરૂવાળા |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૪ | ૨ | ૧ |
| (B) | ૨ | ૩ | ૪ | ૧ |
| (C) | ૩ | ૪ | ૧ | ૨ |
| (D) | ૪ | ૩ | ૧ | ૨ |

43. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) સંગીત કવિતા | | (૧) આનંદશંકર |
| (*b*) રાગધ્વનિ કાવ્ય | | (૨) નરસિંહરાવ |
| (*c*) સંગીત કાવ્ય | | (૩) નર્મદ |
| (*d*) સંગીતકલ્પકાવ્ય | | (૪) રમણભાઈ નીલકંઠ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૪ | ૨ | ૧ |
| (B) | ૪ | ૨ | ૧ | ૩ |
| (C) | ૩ | ૨ | ૧ | ૪ |
| (D) | ૨ | ૪ | ૧ | ૩ |

44. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) દ્રવિડી ભાષાકુળ | | (૧) બુંદેલી |
| (*b*) ચીની–તિબેટી | | (૨) નિકોબારી |
| (*c*) મોનખ્મેર | | (૩) ઔરાવી |
| (*d*) ભારતીય આર્ય | | (૪) બર્મી |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૨ | ૩ | ૧ |
| (B) | ૩ | ૨ | ૧ | ૪ |
| (C) | ૩ | ૪ | ૨ | ૧ |
| (D) | ૨ | ૧ | ૪ | ૩ |

45. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) | સેહેની | (૧) ત્રિભુવનદાસ લુહાર |
| (*b*) | વાસુકિ | (૨) બ. ક. ઠાકોર |
| (*c*) | પુનર્વસુ | (૩) ઉમાશંકર જોશી |
| (*d*) | સુંદરમ્ | (૪) લાભશંકર ઠાકર |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૩ | ૪ | ૧ |
| (B) | ૩ | ૧ | ૪ | ૨ |
| (C) | ૪ | ૨ | ૧ | ૩ |
| (D) | ૧ | ૩ | ૨ | ૪ |

નીચેનો કાવ્ય વાંચીને આપેલા પ્રશ્નોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો (46 to 50) :

ગાતાં ખોવાઈ ગયું ગીત
કે ગીત હવે શોધું કયાં કલરવની ભીડમાં
ઘેઘૂર ઉજાગરામાં ઊગે તે રાતને
આથમી ન જાય એમ રાખું
ભીડેલી પાંપણમાં કોણ જાણે કેમ
ફરી ઊઘડે પરોઢ તો ય ઝાંખું
આખું આકાશ પછી આવીને બેસતું પંખીના ખાલીખમ નીડમાં
ગાતાં ખોવાઈ ગયું ગીત
કે ગીત હવે શોધું કયાં કલરવની ભીડમાં
આંગળીની ફૂંકથી ન ઓલવી શકાય
એવા પથ્થરમાં ઝળહળતા દીવા
પાણીથી ફાટફાટ છલકાતાં હોય તો ય

ચીતર્યાં તળાવ કેમ પીવાં

જંગલ તોડીને વહે ધસમસ લીલાશ અને ભીંજે નહીં તરણું યે ભીડમાં

ગાતાં ખોવાઈ ગયું ગીત

કે ગીત હવે શોધું કયાં કલરવની ભીડમાં.

46. કાવ્યનું શીર્ષક જણાવો :

(A) ખોવાઈ ગયું ગીત
(B) ઉજાગરાનું ગીત
(C) કલરવનું ગીત
(D) ધસમસતું ગીત

47. કવિ ગીતને કયાં શોધવા મથે છે ?

(A) કલરવની ભીડમાં
(B) માનવની ભીડમાં
(C) પાંપણની ભીડમાં
(D) શબ્દોની ભીડમાં

48. કવિ આકાશને કયાં જઈને બેસતું કલ્પે છે ?

(A) પંખીના માળામાં
(B) ધરતીના ખોળામાં
(C) તળાવના કિનારે
(D) આભના મિનારે

49. 'ચીતર્યાં તળાવ' કયા કલ્પનનું નિદર્શન છે ?

(A) શ્રાવ્ય કલ્પન
(B) ઘ્રાણ કલ્પન
(C) સ્પર્શ કલ્પન
(D) દૃશ્ય કલ્પન

50. ઉપરનું કાવ્ય કયા સર્જકનું છે ?

(A) ઉમાશંકર જોશી
(B) સુરેશ જોષી
(C) રમેશ પારેખ
(D) અનિલ જોષી

ROUGH WORK

SEAL